જેલ પ્રભાગના વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓના રહેણાંક મકાનના બાંધકામના કારપેટ એરીયામાં વધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃજલક/૧૭૨૦૧૯/૨૭૮૦/જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ૨૯/૦૧/૨૦૨૦**

**વંચાણે લીધાઃ**

૧. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૦૨/૧૨/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃસપલ-૨/આવાસ/૧૨૨૪/૨૦૧૯

૨. ગૃહ વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃપીએચસી-૧૦૨૦૧૮-૨૨૬-લ

**પ્રસ્તાવનાઃ**

રાજ્યના પોલીસ પ્રભાગના વર્ગ-૩ સંવર્ગના પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંવર્ગના કર્મચારીઓ માટેના રહેણાંક મકાનના બાંધકામના કારપેટ એરીયામાં ગૃહ વિભાગના સંદર્ભઃ(૨)માં દર્શાવેલ ક્રમાંકથી વધારો કરવામાં આવેલ છે. તે મુજબ રાજ્યના પોલીસ પ્રભાગના વર્ગ-૩ સંવર્ગ સમકક્ષનું પગારધોરણ ધરાવતા જેલ પ્રભાગના જેલ સિપાઇ, હવાલદાર તથા જેલર ગ્રુપ-૨ સંવર્ગના કર્મચારીઓ માટેના રહેણાંક મકાનના કારપેટ એરીયામાં નીચે મુજબનો વધારો કરવા અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ સંદર્ભઃ(૧)માં દર્શાવેલ પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે.

(અ) પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ સમકક્ષ જેલ સિપાઇ, હવાલદારના સરકારી રહેણાંકના મકાનો માટે ૪૧.૮૫ ચો..મી.ને બદલે ૫૦ થી ૫૫ ચો.મી.ના કારપેટ એરીયા,

(બ) પોલીસ સબ ઇન્સ્પેક્ટર સમકક્ષ જેલર ગ્રુપ-૨ના સરકારી રહેણાંકના મકાનો માટે ૫૫.૪૬ને બદલે ૬૦ થી ૬૫ ચો.મી.ના કારપેટ એરીયા.

**ઠરાવઃ**

૨. અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની ઉપરોક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વક વિચારણા કરી, જેલ પ્રભાગના રક્ષક વર્ગના કર્મચારી તથા તેમના પરિવારજનોને સવલતયુક્ત સરકારી રહેઠાણ પ્રાપ્ત થાય તે હેતુથી તેઓના રહેણાંક મકાન માટેના કારપેટ એરીયામાં નીચે મુજબનો વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(અ) જેલ સિપાઇ, હવાલદારના સરકારી રહેણાંકના મકાનો માટે ૫૦ થી ૫૫ ચો.મી.ના કારપેટ એરીયા,

(બ) જેલર ગ્રુપ-૨ના સરકારી રહેણાંકના મકાનો માટે ૬૦ થી ૬૫ ચો.મી.ના કારપેટ એરીયા.

૩. આ હુકમ જે આવાસોના બાંધકામના કામ મંજૂર થયેલ હોય અને બાંધકામની કામગીરી શરૂ થઇ ગયેલ હોય તેને લાગુ પડશે નહિં

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(સુધીર રાવલ)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**
- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-ર, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી., ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- આચાર્ય, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ
- સર્વે જેલ અધિક્ષકશ્રીઓ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)**
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ